GJDH080008812026

| | |
|---|---|
| કેસ આવ્યા તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| કેસ દાખલ તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| કેસ ફેસલ તારીખ<br>સમયગાળો | ૨૭/૦૭/૨૦૨૬<br>વર્ષ માસ દિવસ<br>___ ___ ___. |

## ગરબાડાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી સમક્ષ, જી.દાહોદ.

ફોજદારી કેસ નં.૭૪૯/૨૦૨૬.
આંક–

ફરીયાદી :– ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિરૂધ્ધ**

આરોપી :– (૧) સંજયભાઇ માનાભાઇ ડામોર, રહે. ભરસડા, ઇટાવા ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ (૨) માનાભાઇ ઉર્ફે માનીયાભાઇ મડુભાઇ ડામોર (૩) વનરાજભાઇ માનાભાઇ ડામોર, બંને રહે. ગાંગરડી, શ્રીજી ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ.

---

ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ AA, ૧૧૬(B) મુજબ

---

સરકાર તરફે :– વિ.એ.પી.પી. શ્રી એ. બી. તલાવીયા
આરોપીઓ તરફે :– વિ.વકીલ શ્રી એચ. એસ. નલવાયા

---

**–:: ચુકાદો ::–**

(૧) સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ ક–૧૫/૧૫ વાગે આ કામના આરોપી ૧. સંજયભાઇ સન ઓફ માનાભાઇ મડુભાઇ જાતે ડામોર, રહે.ભરસડા ઇટાવા ફળીયું તા.ગરબાડા જી.દાહોદનાને ૨. માનાભાઇ મડુભાઇ ડામોર ૩. વનરાજભાઇ માનાભાઇ ડામોર એમ બંને રહે.ભરસડા ઇટાવા ફળીયું તા. ગરબાડા જી.દાહોદનાઓ બંને જણાએ બર્ગમેન મોટર સાયકલ ઉપર ઇગ્લીશ દારૂ ભરી પ્રોહી પ્રતિબંધક એરીયામા બિનઅધિકૃત રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલો નંગ.પ૨ ૧પ.૭૬૦લિટર ની કુલ કિંમત રૂ.૭,૩૦પ નો લઇ આવતા જે પ્રોહી મુદ્દામાલ એકબીજાના મેળાપીપણાથી પોતાના રહેણાંક મકાનમા છુટક વેચાણ કરવા સારૂ રાખી આરોપીનં.૧ નાનો પકડાઇ જઇ બાકીના મળી નહી આવી પ્રોહી એકટ કલમ ૬પAA, ૧૧૬(B) મુજબનો ગુનો સદર અદાલતની હકુમતમાં આચરેલ હોવાની ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસ ધ્વારા આરોપીની અટક કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર ગુનાના કામે અન્વેષણ પુર્ણ થતા આરોપી વિરૂધ્ધ હકુમત ધરાવતી અદાલતમાં પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) સદર ગુનાના કામે આરોપી વિરૂધ્ધ અદાલતમાં ચાજશીટ દાખલ થતાં આરોપી વિરૂધ્ધ સદર કેસના કામે સમન્સ ઇશ્યુ કરવામાં આવતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ક્રિ.પો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામે તહોમતનામું ફરમાવી નિવેદનમાં આક્ષેપીત ગુનાનો ઇન્કાર કરેલ સબબ આરોપી વિરૂધ્ધ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખીક પુરાવો ::–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ ચરણસિંહ મંગળસિંહ પરમાર | ૦૮ |
| ૨ | પંચ પ્રકાશભાઈ હિંમતસિંહ મોરી | ૧૦ |
| ૩ | ફરીયાદી અજયકુમાર જગાભાઈ | ૧૧ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુદામાલ કબજે કર્યાનું તથા આરોપીને અટક કર્યાનું પંચનામું | ૦૯ |
| ૨ | ફરીયાદ | ૧૨ |

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નિવેદન નોંધેલ નથી જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રીની તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળેલ છે.

(૪) હાલનાં કેસનાં ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ ક–૧૫/૧૫ વાગે આ કામના આરોપી ૧. સંજયભાઇ સન ઓફ માનાભાઇ મડુભાઇ જાતે ડામોર, રહે.ભરસડા ઇટાવા ફળીયું તા.ગરબાડા જી.દાહોદનાને ૨. માનાભાઇ મડુભાઇ ડામોર ૩. વનરાજભાઇ માનાભાઇ ડામોર એમ બંને રહે.ભરસડા ઇટાવા ફળીયું તા. ગરબાડા જી.દાહોદનાઓ બંને જણાએ બર્ગમેન મોટર સાયકલ ઉપર ઇગ્લીશ દારૂ ભરી પ્રોહી પ્રતિબંધક એરીયામા બિનઅધિકૃત રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલો નંગ.પ૨ ૧૫.૭૬૦લિટર ની કુલ કિંમત રૂ.૭,૩૦૫ નો લઇ આવતા જે પ્રોહી મુદ્દામાલ એકબીજાના મેળાપીપણાથી પોતાના રહેણાંક મકાનમા છુટક વેચાણ કરવા સારૂ રાખી આરોપીનં.૧ નાનો પકડાઇ જઇ બાકીના મળી નહી આવી પ્રોહી એકટ કલમ ૬૫AA, ૧૧૬(B) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો તેનાં કારણો સહિત નીચે મુજબ છે.

(અ) નકારમાં

(બ) આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય માટેનાં કારણો ::–**

(૬) સદર કામે આગળ વધતા પહેલા સદર અદાલત નામદાર ગુજરાત વડી અદાલતના નિર્ણીત કરેલ **2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others** ના ચુકાદાનો નિર્ણયાધાર વંચાણે લેવાનું ઉચીત સમજે છે. જેમા ઠરાવેલ છે કે,

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

વધુમાં આ કામે જો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **દિલીપ સાન્શી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમા ઠરાવેલ છે કે, *" In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person."*

(૭) આમ, ઉપરોકત ચુકાદાઓના ઉજાસમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષ દવારા આંક:૮ થી તથા આંક:૧૦ થી પંચસાહેદોને તપાસવામાં આવેલ છે. જેના રૂબરૂ આરોપીનાં કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ **આંક:૯ વાળુ પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.** તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.

(૮) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક:૧૧ થી ફરીયાદીને તપાસવામાં આવેલ છે અને આંક:૧૨ થી ફરીયાદ રજુ થયેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો તેમાં તેઓ એ વાતનો સ્વિકાર કરે છે કે, માલિકી બાબતે કોઈ દસ્તાવેજી આધાર પુરાવો લીધેલ નથી. વધુમાં બનાવવાની જગ્યા એ જાહેર જગ્યા છે અને આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. વધુમાં ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીનાં કબજામાંથી જાહેરમાંથી વગર પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતા ગુના વાળી જગ્યા જાહેર વીસ્તાર

હોય ત્યાં માણસોની હાજરી હોવાની શક્યતા સ્વાભાવિક જણાય છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનુ કોઈ વ્યાજબી કારણ રેકર્ડ જોતાં ફલીત થતું નથી. તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતાં ફરિયાદપક્ષ આરોપીનાં કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો રેકર્ડે ફરીયાદમાં આક્ષેપીત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે .

(૯) આમ, રેકર્ડ પરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવા અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતાં આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકતા ન હોય તેમજ **નામદાર સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં સતીષ મહેરમાં** પ્રસ્થાપીત કરેલ છે, "When judge is certain that there is no prospect of case ending in conviction time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસમાં પણ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબીત કરી શકે તેમ જણાતુ ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શં કપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતાં હોવાનું આ અદાલતનું માનવું હોય, **મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.**

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) આ કામના આરોપીઓને ક્રિ. પ્રો. કોડનીકલમ-૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની સુધારા ૨૦૧૬ ની કલમ-૬૫AA, ૧૧૬(B) મુજબનાં શીક્ષાનેપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પ્રોહી મુદ્દામાલ સીવાય જો અન્ય કોઈ કિંમતી મુદામાલ અંગે અગાઉ જો કોઈ વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અંગેનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા જો તેઓ કોઈ વચ્ચગાળાનો હુકમ થયેલ ન હોય તો કિ.પ્રો.કોડની કલમ-૪૫૨ અન્વયે જરૂરી ઈન્કવાયરી કરી પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ અધિકારીએ માંગણી કરનાર અરજદારની માલીકીની ખરાઈકરી સદરહુ મુદામાલ પરત સોપવાનો હુકમ કરવમાં આવે છે.

વધુમાં જો અપિલ સમય પુર્ણ થતા સુધી આ કામે રીકવર કરાયેલ કોઈ કિંમતી મુદામાલની માંગણી

કોઈ વ્યકિત ધ્વારા કરવામાં ન આવે તો કબ્જે કરાયેલ મુદામાલને સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબના રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ કરવા.

આજ તારીખ  ૨૭, માહે–જુન, સને–૨૦૨૬ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગરબાડા,
તારીખ :૨૭/૦૭/૨૦૨૬.

(રોહીત હરમાનભાઈ સોલંકી)
જયુડી. મેજી. ફ. ક., ગરબાડા.
(UIC-GJ01633)

બી. કે. ત્રિપાઠી, ગુજ. સ્ટે. ગ્રેડ–૩, દાહોદ.